સર્વ વિદ્યાલય, કડીના

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

## શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ



સર્વ વિદ્યાલય, કડીના

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ

શ્રી મનુભાઈ પટેલનું સન્માન થઈ રહ્યું છે, એ વાત જાણીને મને હરખ થયેલો. વર્ષો વીતે પછી પણ સાર્થક વૃદ્ધત્વનું સન્માન થાય એ ઘટના ખરેખર રળિયામણી ગણાય. ગાંધીયુગમાં એવું પર્યાવરણ (ભાવાવરણ) તૈયાર થયું કે ગામના કે તાલુકાના કોઈ યુવાનને સેવક તરીકે જીવન પસાર કરવાનું મન થાય. આવો કોઈ સેવક સંસારમાં રહીને અન્ય માટે કંઈક કરી છૂટવામાં અનોખો પરિતોષ પામે છે. ગાંધીયુગમાં કેટલાય સેવકો ગ્રામકક્ષાએ કે તાલુકાકક્ષાએ ઊગી નીકળે ત્યારે એ ગામ જુદું પડી આવતું જણાય છે. મનુભાઈ આવા ઊગી નીકળેલા સેવક તરીકે આજે પણ જીવી રહ્યા છે.

આચાર્ય ગરીબ હોય તો ચાલે, પણ ગરીબડો હોય તે ન ચાલે. આચાર્ય નમ્ર હોય તે ચાલે, પણ નમાલો હોય તે ન ચાલે. આચાર્ય હોવું તે જેવીતેવી સંપ્રાપ્તિ નથી, એવું બ્રિટિશ વડાપ્રધાન અને મોટા ગજાના લેખકશ્રી વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતું. મનુભાઈ ખરા અર્થમાં આચાર્ય હતા, લાચાર્ય ન હતા. તેઓ વારંવાર અમેરિકા જતા હોય છે, ત્યાંથી પણ ક્યારેય મને ફોન કરવાનું ચૂકતા નથી. દરેક ગામમાં એક મનુભાઈ હોવા જોઈએ.

— **ગુણવંત શાહ**

●

મુ. મનુભાઈ વિશે લખવાનો અવસર આવ્યો, એ બહુ જ સારું લાગ્યું મને. જીવનમાં મળેલાં કેટલાંક વ્યક્તિત્વ હૃદયમાં આનંદ અને આદરનો આત્મીયભાવ જગવતાં હોય છે, મનુભાઈ એ માંહેલા છે. એ એક સજ્જ વિદ્યાર્થીવત્સલ ને એટલા જ વિદ્યાવ્યાસંગી. એમના વ્યક્તિત્વનો જે વિશેષ એ પહેલી મુલાકાતમાં પમાયો ને ઉત્તરોત્તર પાકો થતો ગયો એ હતો કે સાર્વજનિક જીવન વિશે રચનાત્મક મૂલ્યે રસાયેલ સહજ ઝુકાવ એમનો છે.

— **પ્રકાશ ન. શાહ**

સર્વ વિદ્યાલય, કડીના

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

## શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ


સંપાદક

**મણિભાઈ પ્રજાપતિ**



**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**

કડી 2024

Sarva Vidyālaya Kadinā
Rushikul Paramparānā Āchārya
Shri Manubhai J. Patel Abhivādangranth
Edited by Manibhai Prajapati.
Published By Vallabhbhai M. Patel
Chairman, Sarva Vidyalay Kelavani Mandal, Kadi-382715

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, 2024

પૃષ્ઠ : 20+376

કિંમત ₹ 700

પ્રકાશક
વલ્લભભાઈ એમ. પટેલ
ચૅરમૅન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
સર્વ વિદ્યાલય કૅમ્પસ, રેલવે સ્ટેશન સામે,
કડી, જિ. મહેસાણા, ગુજરાત - 382715

લે-આઉટ-ટાઇપસેટિંગ
શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-6.
ફોન : 079-26564279 ઇ-મેઈલ : sharda.mudranalay@gmail.com

મુદ્રક
ભગવતી ઑફસેટ
સી/12, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004
M. 9825326202 email : bhagwatioffset@yahoo.com

वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ।।

(कालिदास, रघु. १/१)


મારા શિક્ષકત્વ/આચાર્યત્વના ઘડતરમાં જેમનાં જ્ઞાન-ભક્તિ-કર્મયોગથી રસાયેલા વિશુદ્ધ આચરણમાંથી મને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે જીવન જીવવાનું સંતર્પક ભાથું મળ્યું છે તેવા શિક્ષણ/સમાજજીવનના પ્રાતઃવંદનીય મૂઠી ઊંચેરા જ્યોતિર્ધરો, સર્વશ્રી :



પૂ. છગનભા
(1863-1940)



શ્રી માણેકલાલ એમ. પટેલ
(1926-2012)




શ્રી છગનભાઈ કા. પટેલ
(1902-1971)



શ્રી નાથાભાઈ ના. દેસાઈ
(1909-1971)



શ્રી મોહનલાલ પટેલ
(1927-2020)



ડૉ. દ્વારકાદાસ જોશી
(1917-2009)



ડૉ. વસંત પરીખ
(1929-2007)

ની પાવનસ્મૃતિમાં ઋણસ્વીકારની ભાવના સાથે

'त्वदीयं वस्तु तुभ्यम् समर्पये'

સાદર અર્પણ

સ્થળ : કડી

તા. 21 જાન્યુઆરી, 2024

**મનુભાઈ જે પટેલ**

# અનુક્રમ


- મૂલ્યનિષ્ઠ બહુમુખી પ્રતિભાનો દસ્તાવેજ — ડૉ. કુમારપાળ દેસાઈ [7]
- ચૅરમૅનશ્રીનું નિવેદન — વલ્લભભાઈ એમ. પટેલ [9]
- સંપાદકીય — મણિભાઈ પ્રજાપતિ [11]

**1. ગુરુવર્યો, કર્મશીલો તથા શિક્ષણવિદોના પ્રતિભાવો**

1. આદર્શ આચાર્ય — સાધુ ભક્તિપ્રિયદાસ..........1
2. જન્મજાત શિક્ષક અને ગાંધીવાદના હિમાયતી — સ્વામી સચ્ચિદાનંદ.........2
3. આચાર્ય શ્રી મનુભાઈ એક અનોખા વિદ્યાપુરુષ — ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી.........4
4. આદર્શ આચાર્ય — ગુણવંત શાહ..........6
5. જાહેરજીવનનો વિદ્યાજોદ્ધો — પ્રકાશ ન. શાહ.........7
6. મનુભાઈ પટેલ : વિશિષ્ટ વ્યક્તિત્વ — મનસુખ સલ્લા..........9
7. ઋષિ જેવા આપણા મનુભાઈ પટેલ — વિઠ્ઠલભાઈ અં. પટેલ........10
8. 'મનુર્ભવ' એ વેદવચન ચરિતાર્થ કરનાર માનવ, મહામાનવ: પુણ્યશ્લોક શ્રી મનુભાઈ પટેલ — પ્રિ. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ........13
9. સર્વતોમુખી પ્રતિભા — તુલસીભાઈ પટેલ........15
10. બહુમુખી પ્રતિભાવાન આચાર્ય — આર. સી. રાવલ........18
11. યશસ્વી આચાર્ય અને લોકસેવક — પદ્મશ્રી માલજીભાઈ દેસાઈ.......21
12. એ મનુકાકા હવે અમારા મનુકાકા — તુલા-સંજય.......23
13. આચાર્યકુળના પ્રમુખ — ડૉ. મિહિર જોષી.......25
14. એક મૂલ્યનિષ્ઠ આચાર્યશ્રી — પ્રિ. ગિરીશભાઈ એન. પટેલ.......26
15. મક્કમ મનોબળના માનવી — રણછોડ શાહ.......28
16. કેળવણીના કર્ણધાર — ડૉ. કાનજીભાઈ વી. પટેલ........31
17. એક સ્થિતિપ્રજ્ઞ સારસ્વત — ડૉ. પ્રભુદાસ પટેલ.......35
18. શિક્ષણના જ્યોતિર્ધર — પ્રિ. નર્મદ ત્રિવેદી.......38

## 2. સર્વ વિદ્યાલય પરિવારનો શ્રદ્ધાભાવ


19. સર્વપ્રિય આચાર્યશ્રી — ડૉ. મણિભાઈ એસ. પટેલ....... 41
20. સર્વ વિદ્યાલયની અણમોલ ધરોહર — વલ્લભભાઈ એમ. પટેલ....... 45
21. ઋષિતુલ્ય આચાર્ય — મણિભાઈ ઈ. પટેલ (ભમ્મી)....... 49
22. તપોનિધિ આચાર્યશ્રી — ડૉ. રમણભાઈ જી. પટેલ....... 50
23. શ્રદ્ધેય શ્રી મનુભાઈ સાહેબ — લેફ્ટનન્ટ કર્નલ હસમુખભાઈ એમ. પટેલ....... 53
24. સંવેદનશીલ કેળવણીપુરુષ — ડૉ. જયંતીભાઈ એમ. પટેલ....... 55
25. વંદનીય ગૌરવપુરુષ — કિરીટભાઈ આર. પટેલ....... 57
26. ઋષિકુળ પરંપરાના આચાર્ય — મણિભાઈ પ્રજાપતિ....... 60
27. પ્રેરણાસ્રોત આચાર્યશ્રી — ફુલજીભાઈ ડી. પટેલ .... 67
28. ઉત્તમ આચાર્યશ્રી — કનુભાઈ એસ. પટેલ....... 72
29. સંસ્થાભક્ત મનુદાદા — હરિલાલ વરમોરા....... 73
30. સાધુચરિત વ્યક્તિત્વ — કનુભાઈ આઈ. પટેલ .... 76
31. મૂલ્યનિષ્ઠ મનેખ.... — શ્યામજીભાઈ એમ. દેસાઈ....... 80
32. સર્વ વિદ્યાલયને સમર્પિત આચાર્યશ્રી — જિતુભાઈ સી. નાયક....... 86
33. ઔદાર્ય આભ — મનુભાઈ એસ. સોલંકી....... 87
34. પ્રેરક વ્યક્તિત્વ — લલિત ગજ્જર....... 89
35. સૌમ્યમૂર્તિ સાહેબ — માણેકલાલ એમ. પટેલ....... 92
36. પથદર્શક આચાર્યશ્રી — જયંતીભાઈ પટેલ....... 94


## 3. શિષ્યોની ગુરુવંદના


37. મારા બાળપણના વિદ્યાગુરુ — આચાર્ય મૃદુરત્નસાગરસૂરિ....... 96
38. આધુનિક કાળના ઋષિ — મયૂર કનૈયાલાલ પટેલ....... 97
39. સેવાના ભેખધારી — જે. એમ. સુથાર....... 99
40. જીવનઘડતરના પ્રેરણામૂર્તિ — ડૉ. સિદ્ધાર્થ શુક્લ...... 100
41. મહાત્માસમ શ્રી મનુદાદા — ડૉ. પંકજ રણછોડભાઈ પટેલ...... 101
42. કર્મયોગી શિક્ષક અને આચાર્ય — ડૉ. સુરેશ સી. પંડ્યા...... 104
43. પથદર્શકનાં દર્શન — મહેન્દ્રભાઈ આર. પટેલ...... 106
શ્રીમતી ઉષાબહેન એમ. પટેલ
44. પૂજ્ય મનુદાદા — મહિપતસિંહ ડોડિયા...... 107
45. અમારા કર્મનિષ્ઠ ગુરુવર્યના જીવનનું વાસ્તવિક સત્ય — નરેન્દ્ર પટેલ...... 109
46. મનુભાઈ સાહેબ વ્યક્તિ નહીં, એક સંસ્થા — મહેશ મહેતા...... 112
47. આદર્શ આચાર્યનું જીવંત ઉદાહરણ — ભાનુપ્રસાદ એન. રાજગોર...... 115
48. પૂજ્ય ગુરુજી સાથેનાં વર્ષ 1967-68નાં સંસ્મરણો — ડૉ. ચુનીલાલ ડી. પટેલ...... 118

49. સિપોરવાસીઓનાં હૃદયકમળમાં બિરાજમાન પ્રો. ડૉ. વિનોદચંદ્ર બી. પટેલ.....120
50. વિદ્યાર્થીઓના શિલ્પી મનુદાદા કે. બી. પટેલ.....122
51. આત્મીયજન ગુરુવર્ય મહેશકુમાર બાબુલાલ શાહ.....125
52. સંનિષ્ઠ કેળવણીકાર બાબુભાઈ ગંગારામ પટેલ.....126
53. ગુરુવંદના રમણભાઈ એમ. પટેલ.....128
54. શિક્ષણના યુગઋષિ રમણભાઈ ભીખાભાઈ પટેલ.....130
55. નિષ્કામ કર્મયોગી મહેશ મણિલાલ પટેલ.....132
56. મારા જીવનના રાહબર બાબુભાઈ કે. પટેલ.....134
57. અમારા વિદ્યાગુરુ અને માર્ગદર્શક નરોત્તમભાઈ આર. ઉપાધ્યાય.....138
58. ભણતર સાથે ઘડતર ભરતભાઈ બી. વૈદ્ય.....140
59. મનુભાઈ સાહેબ એટલે સિપોર, સિપોર એટલે મનુભાઈ
બાબુભાઈ એન. શ્રીમાળી......141
60. પારસમણિનો સ્પર્શ જિતેન્દ્રકુમાર સુખડિયા.....143
61. કેળવણી પુરુષ શૈલેશ શાહ.....144
62. ભાવિ ભારતની ધરોહર પૂ. મનુ દાદા પ્રકાશ જી. કૈલા.....146

## 4. શિક્ષક/આચાર્ય/કર્મચારી પરિવારનાં સ્નેહ સંભારણાં

63. સંસ્કૃતિપુરુષ – જ્યોતિર્ધર ડૉ. રાજુજી એમ. પરમાર.....148
64. શિક્ષણના આજીવન ભેખધારી ડૉ. માનસિંહભાઈ જે. ચૌધરી.....150
65. કર્મયોગી શ્રી મનુભાઈ પટેલ નાથાભાઈ જોઈતારામભાઈ પટેલ.....153
66. કર્મયોગી મનુભાઈ ડાહ્યાભાઈ એન. પટેલ.....155
67. શિક્ષણરત્ન મનુભાઈ મનુભાઈ જી. રાવલ.....158
68. કર્મ એ જ ભક્તિ અને કર્મ એ જ જ્ઞાનના ઉપાસક પ્રભુદાસ પટેલ.....160
69. આચાર્યકુળની ગરિમા ડાહ્યાભાઈ એમ. પટેલ.....162
70. આદર્શ અને સંનિષ્ઠ શિક્ષક રમણલાલ ઈ. પટેલ.....165
71. જીવન ઘડવૈયા રણછોડ કે. પટેલ.....166
72. આદર્શ વિદ્યાલયના આદર્શ આચાર્ય હસમુખભાઈ એમ. પટેલ.....168
73. આર્ષદ્રષ્ટા આચાર્યશ્રી વજેસિંહ આર. વાઘેલા.....170
74. કર્મયોગી કેળવણીકાર હિતેન્દ્રગીરી વી. ગોસાઈ.....172
75. પંચતીર્થનો સંગમ વિષ્ણુભાઈ ઈશ્વરદાસ પટેલ.....174

## 5. સ્નેહીજનોની સ્નેહવર્ષા

76. મારા પ્રેરણામૂર્તિ ડૉ. ડાહ્યાભાઈ. એસ. પટેલ.....175
77. જીવનશિક્ષણ પ્રદાતા અંબાલાલ આર. પટેલ.....178
78. પથદર્શક સાહેબશ્રી ડૉ. રેણુકા આર. સોલંકી.....180
79. સિપોર ગામની કેળવણીના પ્રેરણામૂર્તિ પ્રો. ડૉ. જાગૃતિ એમ. પટેલ......181

## 6. વતનનાં વહાલ


80. અમારા મનુકાકા — ચંદુલાલ હીરાલાલ પટેલ..... 183

81. સંવાદિતાના સાધક — નાથાલાલ જે. સથવારા..... 190

82. આજીવન સેવા સમર્પિત લોકસેવક — પ્રિ. સોમાભાઈ પટેલ 'સોમલ'..... 193

83. સત્ પ્રવૃત્તિના પ્રણેતા પ્રાતઃ સ્મરણીય અમારા મનુદાદા — વસંતભાઈ આત્મારામ પટેલ..... 195

84. નિરપેક્ષ અજાતશત્રુ પ્રતિભા — પ્રો. ભગીરથભાઈ એ. પટેલ..... 197

85. કુશળ વહીવટકર્તા — અંબાલાલભાઈ રાયચંદદાસ પટેલ..... 199

86. પૂજ્ય મનુકાકા — ડૉ. ચંદુભાઈ મોહનલાલ પટેલ..... 201

87. વંદનીય પ્રેરણામૂર્તિ — શોભનાબેન બાબુભાઈ પટેલ..... 203

88. ઉત્તમ કેળવણીકાર અને કુશળ વહીવટકર્તા — વિવેક પ્રહ્લાદભાઈ પટેલ..... 206

89. અનોખી પ્રતિભા — પ્રો. જિતેન્દ્ર કા. વ્યાસ..... 208

90. અવિસ્મરણીય મનુકાકા — પ્રો. ડૉ. મમતાબેન પંડિત..... 215

91. ગાંધીવિચારના ઉપાસક — પ્રો. ઇલાબેન કે. પટેલ..... 216

92. ચાણસ્માનું ગૌરવશીલ ઘરેણું — મહેન્દ્રભાઈ દેસાઈ..... 219

93. વહીવટી 'મનુકળા' — મણિલાલ એમ. પટેલ..... 220

94. મારી દૃષ્ટિએ — અશોકભાઈ સીતારામ પટેલ..... 222

95. ચાણસ્માનું ગૌરવ — સીતારામ કાશીરામ પટેલ..... 224

96. જાહેરજીવનનું વિલક્ષણ વ્યક્તિત્વ — મનુભાઈ શીવરામભાઈ. પટેલ..... 227

97. અદ્ભુત વ્યક્તિત્વ — નારાયણભાઈ આર. રાવળ..... 230

98. ઋષિતુલ્ય મનુકાકા — કેશુભાઈ કે. પટેલ..... 231

99. ચાણસ્મા નગરના મુઠ્ઠી ઊંચેરા માનવી... — ચંદુભાઈ એન. પટેલ..... 233

100. મૂઠી ઊંચેરા ગૌરવપુરુષ — વિષ્ણુભાઈ પી. પટેલ..... 235

101. કેળવણીના શિલ્પી — તારક રમણભાઈ પટેલ..... 236

102. અજાતશત્રુ — રજનીકાન્ત ભટ્ટ..... 238

103. આત્મીય શ્રી મનુકાકા — રોનક સુરેશભાઈ ભાવસાર..... 241

104. વિનમ્રતાની છાયા — સંદીપ પટેલ 'કસક'..... 242


## 7. કુટુંબીજનો અને સગાં-સંબંધીઓની અભિવંદના


105. અમારા 'રામ' — સુભદ્રાબેન નટવરલાલ પટેલ..... 243

106. हमने हर तरह के फूल हार में पिरो लिए — મહેન્દ્ર (મહેશ) જે. પટેલ..... 244

107. મનુભાઈ : અમારા મોટાભાઈ — કલ્પના (પન્ના) મહેન્દ્ર પટેલ..... 251

108. અમારા 'ભઈ'! — અરવિંદ મનુભાઈ પટેલ..... 253

109. સસરા નહીં સવાયા પિતા — શકુન્તલા અરવિંદ પટેલ..... 255

110. પૂજ્ય 'ભઈ' એટલે વટવૃક્ષ ! — રેણુકા નૈષધ પટેલ..... 256

111. મારા 'ભઈ' મારી જીવાદોરી નીતા પરીખ.....257
112. અમારા બાપુજી 'વાત્સલ્યનો દરિયો !' કિન્નરી(ચીકા) મહેન્દ્ર પટેલ.....259
113. અમારા બાપુજી ! કૃપાલિ (ભુન્ની) મહેન્દ્ર પટેલ.... 262
114. મારા મોટા સસરા : સ્નેહનું વટવૃક્ષ રિયા હર્ષ મહેન્દ્ર પટેલ.... 264
115. Mara Dada (Mota Dada) Rishva Ujjwal Patel.....265
116. My Biggest Cheerleader - Mara Dada Devanshi Rahul Patel.... 266
117. પરમ પૂજ્ય મામા અમારા ઘડતરના ઘડવૈયા મનીષ છનાલાલ પટેલ.... 267
118. દાદા અમારી દીવાદાંડી ! અની બ્રિમલ પટેલ.....268
119. મનુપ્રસાદઃ અનોખા સ્નેહી-સગા ! કુ. ઇન્દુબેન પ્રહ્‌લાદભાઈ પટેલ.... 269
120. અમારા આદરણીય મનુકાકા રતિલાલ(રતુભાઈ) જે. પટેલ, (રાંધેજા).....271

**પરિશિષ્ટો :**

1 આચાર્યશ્રી મનુભાઈ પટેલસાહેબ સાથે પ્રશ્નોત્તરી મણિભાઈ પ્રજાપતિ.....273
2 આચાર્યશ્રી મનુભાઈ પટેલના આચાર-વિચારના પ્રેરક પ્રસંગો
મણિભાઈ પ્રજાપતિ
ડૉ. ઊર્જિતા પટેલ.....306
3 આચાર્યશ્રી મનુભાઈ પટેલ વિશે કેટલાક અભિપ્રાયો
મણિભાઈ પ્રજાપતિ
ડૉ. ઊર્જિતા પટેલ..... 314
4 જીવન ઘટનાક્રમ .....325
5 વંશવૃક્ષ .....327
6 લેખક પરિચય કોશ .....329
7 તસવીરોના આયનામાં : આચાર્ય શ્રી મનુભાઈ પટેલ .....353

# આચાર્યશ્રી મનુભાઈ પટેલના આચાર-વિચારના પ્રેરક પ્રસંગો

■ સંકલન: મણિભાઈ પ્રજાપતિ
ડૉ. ઊર્જિતા પટેલ

*(પ્રસ્તુત અભિવાદનગ્રંથમાં સમાવિષ્ટ લેખોનું સાદ્યંત વાંચન કરતાં કેટલાક પ્રેરક પ્રસંગોની વાતો હૃદયસ્પર્શી બની ગઈ. જેમાં પૂ. મનુભાઈ સાહેબનાં મૂઠી ઊંચેરાં શિક્ષકત્વ/આચાર્યત્વ અને ખાસ તો સંવેદનશીલ માનવનાં દર્શન થાય છે. આ પ્રસંગો મૂળ લેખના પૃષ્ઠ સાથે તારવીને અહીં રજૂ કરવામાં આવ્યા છે)*

*

● એક સમયે મનુદાદા પાસે કોઈ કામસર મારે જવાનું થયું. તેઓ ઑફિસના ફોન પર વાત કરી રહ્યા હતા. વાત પૂરી થાય ત્યાં સુધી હું ઊભો રહ્યો. જેવી વાત પૂરી થઈ કે એમણે એક ડાયરી લીધી અને તેમાં કશી નોંધ કરી અને પછી ખિસ્સામાંથી બે રૂપિયા કાઢીને ફોનની બાજુમાં મૂકેલા બૉક્સમાં મૂક્યા. મને નવાઈ લાગી. મારાથી પુછાઈ ગયું: 'દાદા, આ શું કર્યું ? નોંધ લખી અને પછી રૂપિયા મૂક્યા !' દાદાએ મારી સામે જોયું અને પછી એક કાયમી હળવું સ્મિત ફરકાવી કહ્યું: ''આ ફોન પરની વાતચીત મારી વ્યક્તિગત હતી. વ્યક્તિગત ફોન કર્યો હતો તો ખર્ચ સંસ્થા પર કઈ રીતે નખાય?''

— **કનુભાઈ આઈ. પટેલ,** પૃ.77

● એક વખત છાત્રાલયના દસ શૌચાલયનું પાણી અને મળ સેફ્ટીટેન્કમાં જતાં બંધ થઈ ગયાં. એની ફરિયાદ મનુદાદા પાસે પહોંચી. દાદા દોડતા આવ્યા. એમણે જોયું કે બે ગૃહપતિ અને સફાઈ કામદાર તમામ ઔપચારિક પ્રયત્નો કરી ચૂક્યા છે, પણ સફળતા મળી નથી. હાથ પર હાથ ધરીને બેસી રહે તો મનુદાદા શાના ! એમણે મુખ્ય સેફ્ટીટૅન્કનું ઢાંકણું ખોલ્યું, સેફ્ટીટેન્ક અડધી ખાલી કરી અને પછી મને પ્લાસ્ટિકની બે થેલીઓ લેવા મોકલ્યો. હું દોડતો ગયો અને દોડતો આવ્યો. થેલી દાદાના હાથમાં આપી. મનુદાદાએ એ બે થેલીઓ બન્ને હાથમાં પહેરી. એને મોજાં જ બનાવી લીધાં. પછી મોં પર રૂમાલ બાંધ્યો. એમની તૈયારી જોતાં લાગ્યું કે દાદા સફાઈ કરશે. મેં તરત કહ્યું: 'સાહેબ, તમે રહેવા દો. લાવો હું કરું. તમે કહો તેમ સાફ કરી દઉં.' દાદાએ ટૂંકો જવાબ આપ્યો: "અમે તો જીવી લીધું છે. તમારે ઘણું બાકી છે.'' આટલું કહેતાંની સાથે તો એમણે હાથ મુખ્ય પાઇપમાં નાંખ્યો અને કપડાંનો એક ડૂચો બહાર કાઢ્યો. એ સાથે જ ટેન્કમાં જમા પાણી અને મળ ધડાધડ વહેતું થયું. એમણે કામ પૂરું

કર્યું અને હાથ ધોઈને એ અન્ય કામે વળગ્યા. અમે ગૃહપતિઓ અને સફાઈ કામદાર જોતા જ રહી ગયા. કેટલું સાહજિક જીવન! નિર્દંભ અને નિષ્ઠાવાન વ્યક્તિત્વ! અમે તો મનોમન દાદાને વંદી જ રહ્યા.

– **કનુભાઈ આઈ. પટેલ,** પૃ.77

● પુષ્પાબાના અવસાન સમયે પાટણ ખાતે બેસણું હતું. સૌ સમૂહ વ્યવસ્થાએ મુકાયેલ બસમાં પહોંચ્યા. સંસ્થાના સફાઈ કામદાર દશરથની ઇચ્છા અંગે કોઈએ પૃચ્છા પણ કદાચ ન કરી હોય, એવું બની શકે. દશરથ એકલો પરિવહનની બસમાં પહોંચ્યો. સૌની હાજરીમાં મનુભાઈની નજર દશરથ પર પડી. દશરથને પાસે બોલાવી, સ્થિતપ્રજ્ઞે માથે હાથ ફેરવી મૂક મનોભાવને જાણે વાચા ફૂટી હોય તેમ, ''દશરથ! હવે પુષ્પાના સ્નેહની ઊણપ હું સમજી શકું છું, પણ એ હવે આપણી વચ્ચે નથી.'' દશરથ બાળકની જેમ હીબકી ઊઠ્યો. સંસ્થાના નિયામક અને સફાઈ કામદારના આ લાગણીમય પ્રસંગે ઉપસ્થિત સૌ આભા બની રહ્યા.

– **શ્યામજીભાઈ એમ. દેસાઈ,** પૃ.84

● ઉનાળામાં વાર્ષિક પરીક્ષા પહેલાં સ્કૂલ ફરતે લાગેલા મધપૂડાને પાડવાવાળાને બોલાવે ત્યારે એક મધપૂડાને પાડવાનો ભાવ 2000થી 3000નો સાંભળી અમારા બધાંના કાન ખડા થઈ જતા. આ ભાવ સાંભળ્યા પછી અમે ગૃહપતિશ્રીઓ અને છાત્રો ભેગા મળીને મધપૂડા પાડવાનું કહેતા તો દાદા કહેતા કે આપણને પાપ લાગે, ત્યારે અમે કહેતા કે સાહેબ પૈસા આપીએ તોપણ પાપ તો લાગે જ ને! એટલે પછી અમને કહેતા કે સારું તમે બધા મળીને પાડી દો. આમ, પોતાની વાતને આટોપી લઈને સાચી વાતને બહુ જ નમ્રભાવે સહજમાં સ્વીકારતા.

– **હરિલાલ વરમોરા,** પૃ.73

● તેમના મૂલ્યનિષ્ઠ આચરણની ઘણી ઘટનાઓ જાણવા મળે છે. એક વાર શ્રી મનુભાઈ, તેમના બે ત્રણ સાથી મિત્રો સાથે કોઈ કામે વડનગરથી અમદાવાદ ગયેલા. પરત ફરતાં અમદાવાદથી વડનગર રેલવે દ્વારા જ આવવાનું થયું. વડનગર રેલવે સ્ટેશને ઊતરતાં ખ્યાલ આવ્યો કે અજાણતાં ટિકિટ કોઈએ લીધી નથી. મિત્રોને પૂછતાં એકબીજાના વિશ્વાસે ટિકિટ લેવાઈ ન હતી. કોઈ રેલવે અધિકારીની હાજરી કે પૂછપરછ ન હોવા છતાં વડનગર રેલવે સ્ટેશનેથી જ વડનગર-અમદાવાદની બધા મિત્રોની ટિકિટ લઈ ટિકિટ ફાડી ફેંકી દીધી, પણ રેલવેતંત્રને નુકસાન થવા ન દીધું. આવી હતી તેમની રાષ્ટ્રીયતા અને મૂલ્યનિષ્ઠા.

– **મનુભાઈ શીવરામભાઈ. પટેલ,** પૃ.227

● સિપોરથી 12 કિલોમીટર દૂર ગોરીસણા ગામ છે. જે બાણગંગા પ્રદેશ તરીકે ઓળખાય છે. સમગ્ર વિસ્તારમાં બક્ષીપંચની વસ્તી રહે છે. ગોરીસણા ગામે 1978માં બદલી

થઈ ને શિક્ષક તરીકે હાજર થયો. ત્યારે ગામનાં બાળકોને અભ્યાસ માટે સિપોર સુધી આવવું ન પડે માટે હાઈસ્કૂલ કરવાનો વિચાર થયો. તે વખતે ગોરીસણા ગામમાં ધોરણ 1થી 5ની પ્રા. શાળા હતી. જેમાં માત્ર ધો. 5માં 17 બાળકો અભ્યાસ કરતાં હતાં. જે ગામની પ્રાથમિક શાળામાં ધો. 6-7ના વર્ગો ના હોય ત્યાં માધ્યમિક શાળા કેમ શરૂ થાય ?

તે કલ્પના કરવી એક સપનું હતું. તે સમયે માધ્યમિક શાળા કરવા માટે પ. પૂ. મનુભાઈ સાહેબ સાથે પત્રવ્યવહાર, ચર્ચા, માર્ગદર્શન મેળવી અંબિકા કેળવણી મંડળ, ગોરાસણાની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ અરજી કરવાથી પાટણથી શિક્ષણાધિકારી કચેરીના અધિકારી જાન્યુઆરી 1980માં પ્રાથમિક શાળા ગોરીસણામાં તપાસ માટે આવેલા. શાળાની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ વિઝિટબુકમાં જ્યાં ધોરણ-5નાં 17 બાળકો હોય ત્યાં માધ્યમિક શાળા શરૂઆત થાય તેમ નથી. તેઓશ્રીએ દૂધ મંડળી ગોરીસણામાં કેળવણી મંડળના પ્રમુખ-મંત્રી તથા અન્ય સભાસદો સાથે મિટિંગ કરી કહેલ કે આ ગામમાં માધ્યમિક શાળા થઈ શકે તેમ નથી. સાંજના 5-00 વાગ્યા હતા, સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. વાહનવ્યવહારનો અભાવ હતો. આચાર્યશ્રી મનુભાઈ સાહેબ સિપોર રહેતા હતા તેમના વિના આ અધિકારીને કોઈ સમજાવી શકે તેમ ન હતું, તેથી તાત્કાલિક વાહન કરીને અધિકારીશ્રીને સિપોર હાઈસ્કૂલના આચાર્યશ્રી મનુભાઈ સાહેબના ઘરે લઈ ગયા. ત્યાં જમવાની વ્યવસ્થા તથા રાતવાસો કરાવ્યો. સાહેબશ્રીનાં ધર્મપત્ની પૂ. પુષ્પાબેનનું સૌએ આતિથ્ય માણ્યું. પૂ. મનુભાઈ સાબેહની સચોટ સમજાવટથી અધિકારીશ્રી સંમત થતાં ગોરીસણાને માધ્યમિક શાળાની જૂન સને 1980થી મંજૂરી મળી. હાલ ગોરીસણા શાળામાં 700થી વધુ બાળકો ભણે છે, તેનો સંપૂર્ણ યશ શિક્ષણના શિલ્પી પૂ. મનુભાઈ સાહેબને જાય છે.

– **અંબાલાલ આર. પટેલ,** પૃ.178

● ઉત્તર ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર, વઢિયાર, કાઠિયાવાડ અને ચોમેરથી આ સંસ્થાની અનોખી શિક્ષણ છાપ હોવાથી દૂર-દૂરનાં ગામડાંઓથી અહીં પ્રવેશકાર્ય માટે વાલી અને વિદ્યાર્થીઓ આવતા. તેમને ધક્કો ના થાય તેની પૂરી કાળજી જાતે જ રાખતા. સવારથી બપોરના એક અને બપોર પછી ફરી પાછા શાળામાં પ્રત્યક્ષ હાજર રહેતા. દૂરથી આવેલ વ્યક્તિઓની પૃચ્છા કરે. છાત્રાલયમાં જમવાની વ્યવસ્થા કરી આપે. વાત ભલે નાની-અમથી લાગે, પણ તેમાં પણ તેમની ચીવટ, લાગણી, વ્યવસ્થા, હૃદયભાવની અભિવ્યક્તિનો પરિચય થાય છે. સમગ્ર કર્મચારીગણ તેમનો પડ્યો બોલ ઝીલે. માત્ર તેમની આભા અને કરુણાથી ભરેલ આંખ! 'પ્યૂન ટુ પ્રિન્સિપાલ' સૌ એક જ ડાળનાં પંખી છીએ. શાળા-સંસ્થા એક જ પરિવાર છે, એ પ્રકારે કામ અને હૃદયભાવનાનાં અમે દર્શન કર્યાં છે.

– **લલિત ગજ્જર,** પૃ.89

● સ્વ. માણેકલાલ પટેલ સાહેબ અને આચાર્ય શ્રી મનુભાઈ સાહેબનાં અનુકંપા અને દૂરંદેશીતાથી એક ઘટનાનો સાક્ષી છું, જે અહીં રજૂ કરું છું: જ્યારે મનુભાઈ

સાહેબ સર્વ વિદ્યાલયના આચાર્ય હતા ત્યારે એક વિદ્યાર્થી છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતો હતો. તે વિદ્યાર્થી સુરેન્દ્રનગર જિલ્લાનો એક ખેડૂતપુત્ર હતો. તેના પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. ઑફિસમાંથી વારંવાર વિદ્યાર્થીના વાલી પર ફોન જતા હતા ત્યારે વાલીએ પરચૂરણના સિક્કાઓ થેલીમાં લઈને સાહેબની ઑફિસમાં ઢગલો કર્યો હતો. આથી સાહેબને ખ્યાલ આવી ગયો કે વાલીની આર્થિક સ્થિતિ સારી નહીં હોય. તેમણે આ બાબતની જાણ સ્વ. માણેકલાલ સાહેબને કરી હતી, ત્યારે સાહેબે શ્રી મનુભાઈ સાહેબને કહ્યું કે તે પૈસા વાલીને પરત કરો અને વિદ્યાર્થીને ફી વગર ભણાવો.

– **ડૉ. મણિભાઈ એસ. પટેલ,** પૃ.43

● આપ સાહેબશ્રી વર્ષ 1967-68માં આદર્શ સ્કૂલ, સિપોર આવ્યા તે દિવસથી અમારામાં ભણવા અંગેનો દિવ્ય સંચાર શરૂ થયો હોય તેવું લાગવા લાગ્યું. જ્યારે અમો ધોરણ 11મા આવ્યા ત્યારે આજુબાજુ 10થી 12 ગામના વિદ્યાર્થીઓ 4થી 8 કિલોમીટર જેટલું અંતર કાપી પગપાળા ભણવા આવતા, જેમાંથી 50થી 60 વિદ્યાર્થીઓ ધોરણ 11મા હતા, તે સર્વેનો મુસાફરીમાં સમય ઘણો જ બગડતો હોવાથી આપ સાહેબે અમો પ્રત્યે અમી દૃષ્ટિ રાખી તમામ વિદ્યાર્થીઓ માટે સ્કૂલમાં જ રહેવા-જમવાની સગવડો સાથેની હૉસ્ટેલનું આયોજન કર્યું. આમ, અમારી જિંદગીનો નવો અધ્યાય અહીં શરૂ થયો. માત્ર હૉસ્ટેલનું આયોજન જ નહિ, પણ ગુરુકુળ પરંપરાના સમય દરમિયાન ઋષિમુનિઓ જે રીતે ગુરુકુળ આશ્રમ ચલાવતા તે મુજબનું આયોજન કર્યું. આ પ્રકારનું આયોજન કદાચ અમારાં માતાપિતા પણ ન કરી શક્યાં હોત. આપ હૉસ્ટેલમાં સવારે વહેલા આવી જતા તેમજ રાત્રે 11-12 સુધી અમો અભ્યાસ કરતા ત્યાં સુધી હાજર રહેતા. આપશ્રીએ અન્ય શિક્ષકો શ્રી રતિભાઈ પટેલ અને શ્રી લક્ષ્મણભાઈ પટેલને પણ વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થવા હાજર રહેવા માટે જણાવતા. એસ.એસ.સી. માટે શ્રી વી. જે. કુટમુટિયા તથા શ્રી શાહનાં જે પખવાડિક મૅગેઝિન આવતાં તે આપશ્રી રેપર ખોલ્યા વિના અમને વાંચવા આપતા. અમો અમારા ગામ ગયા હોવાના કારણોસર નિશાળમાં હાજર ન રહી શકવાથી, અભ્યાસમાં વિક્ષેપ પડવાથી આપ સાહેબશ્રી મને અંગત રીતે ફ્રી પિરિયડમાં ભણાવતા જે બાબત અવિસ્મરણીય છે. સ્કૂલમાં અભ્યાસપૂર્ણ કર્યા પછી મારી સર્વિસ કચ્છ ખાતે હોવાથી 20 વર્ષ પછી વિસનગર બસ સ્ટેશને અચાનક આપશ્રીને મળવાનું થયું તે દરમિયાન આપ સાહેબશ્રીએ મને ઓળખીને નામજોગ બોલાવ્યો તે હું મારું અહોભાગ્ય સમજું છું.

– **ડૉ. ચુનીલાલ ડી. પટેલ,** પૃ.119

● કોઈ વિદ્યાર્થીઓ હૉસ્ટેલમાં ગેરવર્તણૂક કરે તો તેમને પોતાની આગવી શૈલીથી માર્ગદર્શન આપતા. હૉસ્ટેલમાં રસોઈ કરતા ભાઈશ્રીને હેરાન કરવા વિદ્યાર્થીઓ ખોરાક ખાવામાં અતિરેક કરતા અને રસોઈ ખૂટવાડતા, પણ આપશ્રીએ કોઈ વિદ્યાર્થીઓને આ બાબતે ટકોર કરેલ નથી, પરંતુ રાત્રે પ્રાર્થનામાં વાર્તા સ્વરૂપે માર્ગદર્શન આપતા. તે વાર્તા આજે પણ મને યાદ છે, જેનો સારાંશ હતો કે –

''એક ગામમાં એક ડૉક્ટરે દવાખાનું ખોલ્યું, 6 મહિના સુધી એક પણ દર્દી ન આવ્યો, એટલે ડૉક્ટર, સરપંચ પાસે ગયા અને કહ્યું કે આપના ગામમાં તો કોઈ બીમાર પડતું જ નથી કે શું ? ત્યારે સરપંચે કહ્યું કે અમારા ગામમાં લોકો ભૂખ લાગે ત્યારે જ ખાય અને સાત રોટલીની ભૂખ હોય તો પાંચ રોટલી ખાય એટલે બીમાર પડતા નથી.'' આમ, આપ આડકતરી રીતે સચોટ ઉદાહરણ સાથે ઉપદેશ આપતા.

● ચાણસ્મામાં કોઈની ખબર કાઢવા જાય તો આર્થિક પરિસ્થિતિ નબળી હોય તો ખબર ન પડે એ રીતે ઓશીકે બસો-ત્રણસો મૂકતા આવે. એમના ધ્યાનમાં આવે તો જરૂરિયાતમંદોના ત્યાં સીધુ પણ પહોંચાડે. એનો કોઈ શોર નહીં કે પ્રચાર નહીં. અમારા ત્યાં ડિજિટલ બી. પી. મોનિટર. આજુબાજુની વૃદ્ધ માજીઓ પૈસા ખર્ચી દાક્તર પાસે ન જાય. મનુકાકા કરતાં-કરતાં ઘરે આવે. BP માપી આપે. કોઈ ચાલવામાં અશક્ત હોય અને કહેવડાવે તો થેલીમાં બી. પી. મોનિટર લઈ નીકળી પડે !

– **કૃપાલિ (મુન્ની) મહેન્દ્ર પટેલ,** પૃ.263

● અમારા ભણતર અને ઘડતરની ચિંતા પૂજ્ય મામાને રહેતી. આઠમા ધોરણમાં આવ્યા ને અમે ત્રણ ભાઈઓને મામા એમની પાસે લઈ ગયા. એક વખતે હું પણ તોફાનમાં ભાગીદાર બન્યો હતો. નિશાળમાં રિસેસ સમયે છોકરીઓએ ખમણની પાર્ટી રાખેલી. અમોએ એમને ચીડવવા ગામની ભીંત પર 'ખમણ ખમણ' ચીતરેલું. વાત સ્કૂલમાં મામા પાસે ગઈ. સૌને આચાર્ય સાહેબનું કહેણ આવ્યું. એમની ઑફિસમાં સૌ લાઇનબંધ ઊભા થઈ ગયા. એમાં સૌ પહેલાં મારો વારો આવ્યો. અમને સૌને ડોલ પોતાં સાથે દીવાલો સાફ કરવા મોકલેલા !

સ્કૂલથી ઘરે કે ઘરેથી સ્કૂલે જવા નીકળે તો રસ્તે વિદ્યાર્થીઓ છુપાઈ જતા. કડકાઈની છાપ સાથે કરુણા પણ એટલી જ. એ કહેતા, 'એક આંખમાં પ્રેમ અને કરુણા અને બીજી આંખમાં શિસ્ત માટે કડકાઈ ભરી દૃષ્ટિ જોઈએ.' મને વહેલી સવારે વાંચવા ઉઠાડે ત્યારે ચા જાતે બનાવે અને પિવડાવે !

– **મનીષ છનાલાલ પટેલ,** પૃ.267

● વાર્ષિકોત્સવ પ્રસંગે મહેમાન પૂ. સચ્ચિદાનંદ મહારાજ દંતાલી પધારવાના હતા. બન્યું એવું કે તે દિવસે જ ધુળેટીનો તહેવાર આવતો હતો. ટેલિફોનિક સગવડ નહીં. રૂબરૂ જવું પડે. મહારાજને રૂબરૂ મળી પરત આવતાં રાતના ૧-૦૦ વાગ્યો. સાહેબને સમાચાર આપવા ઘરે ગયો, તો દાદરો ખુલ્લો. સાહેબ વાંચે. અવાજ સાંભળીને સાહેબ બોલ્યા. આવી ગયા. નાસ્તા-પાણી કરાવીને ઘરે મોકલ્યો. હું ન આવ્યો ત્યાં સુધી સાહેબ જાગતા રહ્યા. કેટલી ચિંતા ! પરિવારના ત્રિભોવનદાસ શુક્લ બીમાર પડ્યા. સારવાર માટે મુંબઈ જવું પડ્યું. અસાધ્ય બીમારીની ખબર પડતાં જ સાહેબ જરૂરી કાગળો સાથે મુંબઈ ગયા. તેમના અવસાન પછી બીજા જ મહિને તેમનું પરિવાર (ફૅમિલી) પેંશન ચાલુ થઈ ગયું. પરિવારના કોઈક સભ્યને કોઈની આગળ હાથ લાંબો ન કરવો પડે એટલા માટે

'આદર્શ ધિરાણ મંડળી'ની રચના કરી અને સુચારુ સંચાલન કર્યું. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ કે કોઈ કુદરતી હોનારત હોય ત્યારે ગામસમિતિની રચના કરી ગુપ્ત મદદ કરાવે. ગ્રામજનો પણ તેમનો બોલ ઝીલીને ઊમટી પડે. આમ એક અદના શિક્ષક, આચાર્ય, કેળવણીકાર ને સમાજ ચિંતક તરીકે ઊભરી આવ્યા.

— **વજેસિંહ આર. વાઘેલા,** પૃ.171

● આમ તો મને અને પપ્પા(મધુભાઈ ભાવસાર)ને સર્વ વિદ્યાલયના પુસ્તકાલયના કબાટે-કબાટે અને પુસ્તકે-પુસ્તકે મોહનલાલ પટેલે ફેરવેલા, પણ મનુકાકાએ મારા માટે આ પુસ્તકો સંજય સુલભ કરી દીધાં! એકાદ બે પુસ્તકો ઇશ્યૂ કરાવવાના બદલે અમને બે હાથમાં ભરી શકાય એટલાં પુસ્તકો લઈ જવાની છૂટ મળી.... અને એથી જ તો હું ટાગોર અને શરદબાબુ સુધી પહોંચ્યો. સુન્દરમ્ અને ઉમાશંકરની કવિતાઓ પામ્યો. જે. કૃષ્ણમૂર્તિને સ્પર્શ્યો. ચં. ચી. મહેતાની ગઠરિયાઓ પણ છોડી ને દર્શકને પણ અહીં જ દેખ્યા ને કુન્દનિકાબેનનાં સાત પગલાં આકાશ સાથે અહીં જ ઊડ્યાં!! અમદાવાદની એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગમાં અભ્યાસ પૂર્ણ કરી બહાર નીકળી પરદેશ જવાને બદલે ગામડાંમાં બેસવાનો જે સંકલ્પ મેં અને તુલાએ કર્યો એમાંના થોડાંક કારણોમાંનું એક કારણ મનુકાકા દ્વારા આ સંજય સુલભ કરી આપવામાં આવેલાં પુસ્તકો પણ ખરાં જ!

— **તુલા-સંજય,** પૃ.23

● એક નાનકડી પ્રેરણદાયી વાત જે મનુભાઈ સાહેબ અમને કહેતા તેનો ઉલ્લેખ અહીં કરું છું. આજકાલ ઘર, ઑફિસ કે રસ્તાઓ પર સી.સી. ટી.વી. કૅમેરા લાગ્યા હોય છે, એટલે કોઈ પણ વ્યક્તિ કંઈક ખોટું કરે તો તરત જે તેની નજર કૅમેરા પર જાય અને કૅમેરા જુએ છે, એટલે તે ખોટું કરતાં ડરે છે, એમ આપણને કોઈક જુએ છે તેવો પ્રસંગ. એક ખેતરમાં આંબો હતો. આંબા પર પુષ્કળ કેરીઓ. કેરીઓ જોઈને લલચાયેલા એક વડીલ આંબા પર ચડ્યા અને તેના નાના દીકરાને કહ્યું જો બેટા ચારેબાજુ નજર રાખજે કોઈ જોઈ જાય તો મને કહેજે હું આંબા પરથી ઊતરી જઈશ. પેલા છોકરાએ તેના બાપને કહ્યું બાપુજી, કોઈ માણસ તો આપણને નથી જોતું, પણ ઉપરથી ભગવાન આપણને જોઈ રહ્યા છે. ખોટું કરતાં દશ વાર વિચાર કરજો.... ભગવાન આપણને જોઈ રહ્યો છે. આવાં માર્મિક ઉદાહરણો સાથે જીવનઘડતરની પ્રેરણા આપનાર મનુભાઈ સાહેબને શત શત વંદન.

— **રમણભાઈ એમ. પટેલ,** પૃ.129

● મારો ચિ. પુત્ર હર્ષદ (હવે ડૉ. હર્ષદ પટેલ) સર્વ વિદ્યાલયમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતો હતો. તે સમયે અર્ધવાર્ષિક પરીક્ષા નવરાત્રી બાદ તૂર્ત જ લેવામાં આવતી હતી. આ પરીક્ષા સંદર્ભે અમે કેટલાક વાલીઓ આચાર્યશ્રી મનુભાઈ સાહેબને તેમની ઑફિસમાં મળવા ગયા હતા. અમે જણાવ્યું હતું કે સાહેબ, આ સમયમાં પરીક્ષા ગોઠવવાથી વિદ્યાર્થીઓ પોતાની મસ્તીમાં નવરાત્રી માણતા રહેતા હોવાથી અભ્યાસમાં

બરોબર ધ્યાન આપી શકતા નથી. પરિણામે આ પરીક્ષાનું પરિણામ વિદ્યાર્થીઓની ક્ષમતા મુજબ આવતું ન હોવાથી હતોત્સાહ થઈ જાય છે, જેની અસર વાર્ષિક પરીક્ષા ઉપર થાય છે. વિદ્યાર્થીમાનસને ધ્યાને લેતાં આ પરીક્ષા નવરાત્રી પૂર્વે જ લઈ લેવામાં આવે તો વિદ્યાર્થીઓ નવરાત્રી માણવાની સાથે જ પોતાના અભ્યાસમાં પણ ધ્યાન આપી શકશે. સાહેબે પોતાના નિર્ણય સામે કોઈ દલીલો કર્યા સિવાય શાંતચિત્તે અમારી વાતને હૈયે ઉતારીને જણાવ્યું કે વાત તો તમારી સાચી છે. તમે સૌએ આ વાત મારા ધ્યાને લાવ્યા તે સારું કર્યું. સાહેબશ્રીએ માત્ર શબ્દોમાં આશ્વાસન ન આપતાં આગામી વર્ષોથી અર્ધવાર્ષિક પરીક્ષા નવરાત્રી પૂર્વે જ લેવાનું શરૂ કર્યું હતું.

– **ડૉ. રમણભાઈ જી. પટેલ,** પૃ.50

● પૂ. મનુભાઈ સાહેબનો પીઢ કેળવણીકાર તરીકેનો પ્રત્યક્ષ લાભ મને અંગત રીતે પણ મળ્યો છે. તેમના અનુભવજન્ય જ્ઞાનનો લાભ મેળવી હું ખરે જ ધન્યતા અનુભવું છું. વાત એમ છે કે મારા પુત્ર ચિ. દીપનને અમે તેનું અંગ્રેજી સારું થાય તેવી ભાવનાથી અમદાવાદની લૉ સોસાયટીના બાલમંદિરમાં પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રવેશ પણ અમે કોઈની ઓળખાણના આધારે મેળવ્યો હતો. આ શાળાની પસંદગી કરવાનું કારણ એક જ કે આ શાળાની શ્રેષ્ઠ શાળા તરીકે ગણના થતી હતી. આ બાલમંદિરમાં તેણે બે વર્ષ પસાર કર્યાં હતાં. આ સમયગાળામાં મારા પિતાશ્રી અને પૂ. મનુભાઈ સાહેબ અમદાવાદમાં મારા નિવાસસ્થાને અનાયાસ આવ્યા હતા. ચિ. દીપનના અભ્યાસ અંગે વાતચીત નીકળતાં તેમણે અમને સલાહ આપી કે બાળકને માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે તો તે ઝડપથી સમજી શકે છે અને શીખી પણ શકે છે. અંગ્રેજી ભાષાનું જ્ઞાન જરૂરી છે, પરંતુ બાળકના આ સ્ટેજે નહીં. તમે તેને ગુજરાતી માધ્યમમાં દાખલ કરો. તમને ખૂબ જ સરસ પરિણામ મળશે. અમે તેમની સલાહ મનોમન અવઢવ સાથે સ્વીકારી, પરંતુ તેમની સલાહ સો ટચના સોના જેવી પુરવાર થઈ.

– **કિરીટભાઈ આર. પટેલ,** પૃ.58

● તે શિસ્તના બહુ જ આગ્રહી. અમે નાનાં હતાં ત્યારે કાકા, અરવિંદભાઈ અને હું તેમની આગળ આવવાનું પણ ટાળતાં. મને હજી પણ યાદ છે. મારી નાની બહેન નીતાનું ધો.10નું અંગ્રેજીનું પેપર એમના સહકાર્યકર શિક્ષક પાસે હતું. તે નાપાસ થતી હતી. નીતાએ પપ્પાને આ વાત કરી, પણ તેમણે કંઈ જ ન કરવાનું કહ્યું. આ પરથી તે કેટલા ઈમાનદાર છે તે જાણી શકાય. તેમની બધી જ સફળતામાં મારી મમ્મી પુષ્પાબેનનો મોટો ફાળો હતો. તે અત્યારે હયાત નથી, પણ અમારા સર્વના દિલમાં વસેલી છે.

– **રેણુકા નૈષધ પટેલ,** પૃ.256

● પૂ. મનુભાઈ સાહેબની માનવીય સંવેદનશીલતા અને અન્યને મદદરૂપ થવાની પ્રકૃતિગત ભાવનાનો મને પ્રત્યક્ષ અનુભવ થયો છે. મારી પુત્રવધૂને વર્ષ 2014માં ઇંગ્લૅન્ડ અભ્યાસ અર્થે મોકલવા હેતુ પૈસાની જરૂર પડતાં મેં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના

સન્માનનીય ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલસાહેબને વિનંતી કરતાં તેમણે મને લોન આપી હતી. આ લોન અરજીના પ્રથમ મુસદ્દાના કાગળની પાછળની બાજુ કોરી હોઈ અજાણતાં જ તેના ઉપર મેં કોઈ કાર્ય હેતુ પૂ. મનુભાઈ સાહેબને ચિઠ્ઠી મોકલી આપી હતી. આ સમયે કાગળની પાછળનું મેટર શું છે તે વિસરાઈ ગયેલું. પ્રસ્તુત ચિઠ્ઠી મળ્યા બાદ સાહેબે મને સંબંધિત સૂચના આપી દીધી, પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે તેમણે મને જણાવ્યું કે મણિભાઈ પૈસા મોકલી આપું ? સાહજિક રીતે જ મેં પૂછયું કે શા માટે ? તેમણે લાગણીપૂર્વક કહ્યું કે તમારે પૈસાની જરૂર પડશે. સાહેબ આપને શી ખબર ? ત્યારે તેમણે જણાવ્યું કે મને મોકલેલ પત્રની પાછળની બાજુએ નજર ફેરવતાં જાણવા મળ્યું. તેમણે મને ફરીથી કહ્યું કે તમે સંકોચ ન રાખશો. રૂ. 50,000 મોકલી આપું. પૂ. સાહેબનો ગદ્‌ગદિત હૈયે આભાર માનતાં જણાવ્યું કે મને ચેરમૅન સાહેબે લોન આપી છે અને હવે મારે વધુ પૈસાની જરૂર નથી. પરાઈ પીડ અનુભવીને વૈષ્ણવજન હૃદયી મહાનુભાવો આજે આપણને કેટલા મળે ! કોઈએ સાચું જ કહ્યું છે કે **'परोपकाय संता विभूतयः'** – સજ્જનોનો વૈભવ પરોપકાર માટે હોય છે. યોગાનુયોગ મારું મોસાળ અને મારી જન્મભૂમિ પણ ચાણસ્મા છે. આ બાબતથી અજાણ રહેવા છતાં પૂ. મનુભાઈ સાહેબનો અઢળક સ્નેહ મને મળતો રહ્યો છે, જેમાં તેમના ઉદારચરિત વ્યક્તિત્વનાં દર્શન કરું છું.

– **મણિભાઈ પ્રજાપતિ,** પૃ.66

વ્યક્તિ અને સમાજપરિવર્તન કરવું એ સંસ્થા [સર્વ વિદ્યાલય]નો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. પ્રેતભોજનનો વિરોધ અને નાની વયે લગ્નો ન કરવાં, કન્યાશિક્ષણને ઉત્તેજન આપવું, સાથે જીવનનાં ઉમદા મૂલ્યોને સાકાર કરવાના ભગીરથ પુરુષાર્થો સંસ્થાના મોવડીઓએ કરેલ છે. નંદાસણ પાસેના એક મોટા ગામમાં અગ્રણી વ્યક્તિના અવસાન નિમિત્તે ગામનો જમણવાર યોજાયો હતો. કોઈ કારણથી જમતાં પહેલાં વિવાદ સર્જાયો, જેથી ગામનાં એક મોટા જૂથે જમવાનો બહિષ્કાર કર્યો. વધેલી રસોઈ ટ્રેક્ટરમાં ગોઠવીને છાત્રાલયનાં બાળકોને જમાડવા માટે લઈને આવ્યા. આવનાર અગ્રણીને આ રસોઈ કયા પ્રસંગ માટે બનાવી હતી તે પૂછતાં તેમણે વડીલના મરણ નિમિત્તે બનાવી હતી. મને થોડી મૂંઝવણ થઈ. પૂ. છગનભાએ પ્રેતભોજનનો જિંદગીભર વિરોધ કરેલો, તેમની સંસ્થાનાં બાળકોને આ નિમિત્તે ભોજન આપવું યોગ્ય ગણાય નહિ. સંસ્થાના મંત્રી સાહેબ માણેકલાલ સાહેબને આ જણાવ્યું. સાથે આનો સ્વીકાર આપણી સંસ્થાથી કરી શકાય નહિ તેવી વિનંતી કરી, જેથી સાહેબે તુર્ત જ અનુમતિ આપી અને લાવેલ ભોજન કડીના આર્થિક પછાત વિસ્તારમાં જઈને વહેંચી દેવા જે-તે આગેવાનોને જણાવ્યું. સંસ્થાએ પોતાના આદર્શો અને મૂલ્યોની પુષ્ટિ કરી છે. તેમાં ક્યારેય બાંધછોડ કરેલ નથી. જેમાં સમગ્ર રાજ્યમાં આ સંસ્થાનું ગૌરવ અદકેરું વધી રહેલ છે. સારું શિક્ષણ આર્થિક પછાત બાળકોને શિષ્યવૃત્તિઓ અને છાત્રાલયોની આદર્શ વ્યવસ્થા કરીને સમાજ અને સરકારના અગ્રણીઓમાં વિશ્વાસ અને પ્રેમને પ્રસ્થાપિત કરેલ છે.

– **મનુભાઈ પટેલ,** પૃ.289

•